Extra No. 295

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, AUGUST 18, 2025 / SRAVANA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) સેકશન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: HD/MSM/e-file/8/2025/2718/SB1, તા.૦૫/૦૫/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાધનપુરના પત્ર નં.એમએજી/વશી/૨૨૯/૨૦૨૫ તા.૧૨/૦૫/૨૦૨૫

(૩) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સમીના પત્ર નં. નં.એમએજી/વશી/૫૧૦/૨૦૨૫ તા.૧૫/૦૫/૨૦૨૫

(૪) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણના પત્ર નં.એમએજી/ડીઝાસ્ટર/વશી/૩૬૬ થી ૩૬૭/ ૨૦૨૫ તા.૨૭/૦૫/૨૦૨૫

(૫) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સિધ્ધપુરના પત્ર નં.એમએજી/વશી/જોખમી જળાશયો/૨૦૨૫ તા.૩૦.૦૫.૨૦૨૫

હુકમ

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનો :-

પત્ર ક્રમાંક.એમએજી (૧)/વશી/૯૨૬૪ થી ૯૩૨૨/૨૦૨૫.-ગૃહ વિભાગ, ગાંધીનગરના આમુખ-૧ના પત્રથી અત્રેના જીલ્લામાં આવેલ જુદા-જુદા જળાશયો (નદી, તળાવ, નહેર, દરીયા)માં નહાવા પડેલ વ્યકિતઓના ડુબી જવાની ઘટનાઓ બનવાની શક્યતા હોય તેવા ભયજનક સ્થળોની યાદી બનાવી, આ પ્રકારના ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સૂચના આપવામાં આવેલ છે.

સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાધનપુર, સમી, પાટણ તથા સિધ્ધપુર ધ્વારા અનુક્રમે આમુખ-૨ થી ૫ ની વિગતે અત્રેના જિલ્લામાં આવેલ જળાશયો સંદર્ભે જ્યાં જ્યાં આવી ઘટનાઓ બનવા શક્યતા હોય તેવા ભયજનક સ્થળોની યાદી મોકલી સદરહુ ભયજનક સ્થળોએ કોઈપણ વ્યકિતઓ/ પ્રવાસીઓ જળાશયોમાં ન પ્રવેશે તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે.પાટણ જીલ્લાના જુદા-જુદા જળાશયો (નદી, તળાવ, નહેર)માં નહાવા પડે તો વ્યકિતઓના ડુબી જવાથી મરણ થવાની ઘટનાઓ બનવાની શક્યતાઓને ધ્યાને લઈ પાટણ જીલ્લામાં આવેલા નીચે મુજબના ૬૭ ભયજનક સ્થળોએ કોઈપણ વ્યકિત/પ્રવાસીઓના જળાશયોમાં નહાવા તથા અન્ય કારણોસર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવવો આવશ્યક જણાય છે.

આથી, હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ થી મળેલ સત્તાની રૂએ પાટણ જીલ્લામાં આવેલ નીચે મુજબના ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓના જળાશયોમાં નહાવા તથા અન્ય કારણોસર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અ.નં.	તાલુકાનું નામ	ગામનું નામ	સ્થળનું નામ
૧	પાટણ(શહેર)	માતરવાડી	સરસ્વતી નદીનો વિસ્તાર (ગણેશ વિસર્જન પોઈન્ટ)
૨	પાટણ(શહેર)	સાંડેસરપાટી	સિધ્ધિ સરોવર / ખાન સરોવર
૩	ચાણસ્મા	પંચાસર	નર્મદા મુખ્ય કેનાલ
૪	ચાણસ્મા	છમીછા	નર્મદા મુખ્ય કેનાલ
૫	ચાણસ્મા	ભાટવાસણા	નર્મદા મુખ્ય કેનાલ
૬	ચાણસ્મા	ખોરસમ	નર્મદા મુખ્ય કેનાલ
૭	ચાણસ્મા	ગોખરવા	નર્મદા મુખ્ય કેનાલ
૮	ચાણસ્મા	કંબોઈ	નર્મદા મુખ્ય કેનાલ
૯	ચાણસ્મા	ખારીધારીયાલ	નર્મદા મુખ્ય કેનાલ
૧૦	ચાણસ્મા	ખોખલા	તળાવ
૧૧	પાટણ (ગ્રામ્ય)	રાજપુર	તળાવ
૧૨	સરસ્વતી	જાળેશ્વર પાલડી	ગામ તળાવ
૧૩	સરસ્વતી	ઓઢવા	ગામ તળાવ
૧૪	સરસ્વતી	બેપાદર	ગામ તળાવ
૧૫	સરસ્વતી	વારેડા	ગામ તળાવ
૧૬	સરસ્વતી	મોટા નાયતા	મોટા નાયતાથી શક્તિપુરા જવા માર્ગ પર આવેલ ગામ તળાવ
૧૭	સરસ્વતી	વઘાસર	સરીયદ રોડ પરનું તળાવ
૧૮	સરસ્વતી	ભાટસણ	મુના રોડ બાજુનું ગામ તળાવ
૧૯	સરસ્વતી	અજુજા	અજુજા ગામ વચ્ચેનું ચોમાસા દરિમયાનનું વહેણ
૨૦	સરસ્વતી	હૈદરપુરા	જી.ઈ.બી. સામેનું તળાવ તથા ગામ તળાવ
૨૧	સરસ્વતી	કોઈટા	કાળકા માતાજીના મંદિરની બાજુનું તળાવ
૨૨	સરસ્વતી	જંગરાલ	ગામ તળાવ
૨૩	સરસ્વતી	લક્ષ્મીપુરા	ગામ તળાવ
૨૪	સરસ્વતી	જાખા	ગામ તળાવ
૨૫	સરસ્વતી	વાસણી	ગામ તળાવ
૨૬	સરસ્વતી	મોરપા	મોરપીયાવીર મંદિર જોડે આવેલ ગામ તળાવ
૨૭	હારીજ	વાઘેલ	ગામ તળાવ
૨૮	હારીજ	કુરેજા	તંબોળીયાથી અસાલડી સુધીની નર્મદા કેનાલ

અ.નં.	તાલુકાનું નામ	ગામનું નામ	સ્થળનું નામ
૨૯	હારીજ	ગોવના	ગોવના તળાવ
૩૦	શંખેશ્વર	લોટેશ્વર	લોહેશ્વર મહાદેવ મંદિર ખાતે આવેલ કુંડ
૩૧	રાધનપુર	રાધનપુર	વડપાસર તળાવ
૩૨	રાધનપુર	કામલપુર (ધ)	બનાસ નદી
૩૩	રાધનપુર	અરજણસર	નર્મદા નહેર તથા ગામ તળાવ
૩૪	રાધનપુર	દેલાણા	બનાસ નદીનો વ્હોળો તથા નરસિંહભાઈ સુથારના ખેતરનો ભેડો
૩૫	રાધનપુર	નાની પીપળી	તળાવ
૩૬	રાધનપુર	ધરવડી	જુની ધરવડી અને નવી ધરવડી વચ્ચે આવેલ ખેતર
૩૭	રાધનપુર	મસાલી	બનાસ નદી
૩૮	રાધનપુર	દેવ	ગામ તળાવ
૩૯	રાધનપુર	દહેગામ	ગામ તળાવ-દહેગામ, ફાટુ તળાવ- હીરાપુરા, ધૂંધરકા તળાવ
૪૦	રાધનપુર	ચલવાડા	ગામની બાજુનું તળાવ
૪૧	રાધનપુર	છાણીયાથર	બનાસ નદી
૪૨	રાધનપુર	લોટીયા અને ઠીકરીયા	ગામ તળાવ
૪૩	રાધનપુર	મઘાપુરા	તળાવ
૪૪	રાધનપુર	શાહપુર	તળાવ
૪૫	રાધનપુર	ધોળકડા	ગામની પાછળની બનાસ નદી
૪૬	રાધનપુર	વિજયનગર	ગામની પાદરની બાજુમાં તળાવ
૪૭	રાધનપુર	અલ્હાબાદ	ગામ તળાવ
૪૮	રાધનપુર	કોલાપુર	હનુમાન મંદિર પાસેનું તળાવ
૪૯	રાધનપુર	અગિચાણા	અગીચાણા ગામની બહારનું તળાવ
૫૦	રાધનપુર	શબ્દલપુરા	બનાસ નદી
૫૧	રાધનપુર	પેદાશપુરા	ગામ તળાવ
૫૨	રાધનપુર	બિસ્મીલ્લાગંજ	ગામ તળાવ, બનાસ નદી
૫૩	રાધનપુર	કરશનગઢ	ગામ તળાવ
૫૪	સિધ્ધપુર	સહેંસા	ગામ તળાવ
૫૫	સિધ્ધપુર	કાકોશી	ગામ તળાવ
૫૬	સિધ્ધપુર	વાઘરોલ	ગામ તળાવ
૫૭	સિધ્ધપુર	નાગવાસણા	ગામ તળાવ
૫૮	સિધ્ધપુર	ગાંગલાસણ	ગામ તળાવ

અ.નં.	તાલુકાનું નામ	ગામનું નામ	સ્થળનું નામ
૫૯	સિધ્ધપુર	વાઘણા	ગામ તળાવ
૬૦	સિધ્ધપુર	ડીંડરોલ	ગામ તળાવ
૬૧	સિધ્ધપુર	કનેસરા	ગામ તળાવ
૬૨	સિધ્ધપુર	બીલીયા	ગામ તળાવ
૬૩	સિધ્ધપુર	લાલપુર	ગામ તળાવ
૬૪	સિધ્ધપુર	કલ્યાણા	ગામ તળાવ
૬૫	સિધ્ધપુર	આંકવી	ગામ તળાવ
૬૬	સિધ્ધપુર	મુંડવાડા	ગામ તળાવ
૬૭	સિધ્ધપુર	ધુમ્મડ	ગામ તળાવ

// અમલવારીનો સમયગાળો//

આ જાહેરનામું, જાહેરનામાંમાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે પાટણ જીલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

વી.સી.બોડાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 10:19:48 IST